dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
March 2013 For private circulation only Vol. 05 - Issue 101

Get work, Be sure it is better than what you work to get

- E. B. Browning

કામ મેળવો, પરંતુ ચોકકસ ખ્યાલ રાખજો કે તમે પ્રાપ્ત કરવા માટે કાર્ય કરો છો તેના કરતાં તે વધારે સારું છે.

- ઈ.બી. બ્રાઉનિંગ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

કોઈ પણ કામ કે પ્રવૃત્તિ કેટલી કરો છો તે તો મહત્ત્વનું છે જ. પણ એથી ય વધારે મહત્ત્વની વાત તો એ છે - એ કામ કે પ્રવૃત્તિ કઈ રીતે અને કયા ભાવથી, કયા દ્રષ્ટિકોણથી કરો છો. આપણે જે કંઈ કામ કરીએ તે આંતર-સૂઝથી, અંતઃસ્ફુરણાથી થયેલું હોય તે જરૂરી છે. અંતઃસ્ફુરણાથી આરંભાયેલાં આ કે તે કામમાં હૃદયભાવ કે ભકિતભાવ ભળે છે ત્યારે તેનું પરિણામ વિશેષ ફલપ્રદ અને જુદી જ સત્ત્વ-સમૃધ્ધિ અને ગુણવત્તાવાળું પૂરવાર થાય છે. અનાજના દળેલા લોટમાં માત્ર ભેજ ભળે ને રોટલો ઘડાય તો તે લાગવો જોઈએ તેટલો મીઠો લાગતો નથી, એટલું તો સૌ કોઈ જાણે છે પણ રોટલા ઘડનારનો હૃદયભાવ જો એમાં ઉમેરાય તો વાત જુદી જ બને છે એ આપણાં સૌનો અનુભવ છે. ભાવતું ભોજન અને ભાવનું ભોજન એ બંનેમાં ખાસ્સો તફાવત અનુભવાય છે.

કોઈ પણ ભકિતભાવપૂર્વક થયેલી કથાનો પ્રસાદ શા માટે મીઠો લાગે છે ? સત્ય નારાયણની કથાના પ્રસાદમાં એક પ્રકારની સાત્ત્વિકતા અને સુગંધ અનુભવાય છે. એ પ્રસાદની રાંધણક્રિયામાં હાથના કૌશલ ઉપરાંત હૃદયના ભાવ પણ ભળેલ હોય છે. જે વ્યકિતએ કથા માટે પ્રસાદ રાંધ્યો હોય તે જ વ્યકિત એ જ દિવસે, એજ વાસણમાં એજ દ્રવ્યોથી, એથી ય વધારે ઘી, સૂકો મેવો, મોરસ ભેળવીને રાંધશે પણ એ શીરો શીરો હશે પ્રસાદ નહિ. એમાં સાત્ત્વિકતા-ભકિતભાવની સુગંધ નહીં અનુભવાય. એટલે જ તો વારંવાર એમ કહેવાય છે દિલ લગાવીને કામ કરજો, જીવ રેડીને કામ કરજો.

અહીં આજ ભાવાર્થ ઉપસાવી આપતો એક પ્રસંગ કયાંક વાંચ્યાનું કે સાંભળ્યાનું સ્મરણ થાય છે. કોઈ એક રાજા કોઈ એક મંદિરનું નિર્માણ કરાવી રહયા હતા. કામ કેવી રીતે કેવા ભાવથી ચાલી રહયું છે તે જાણવા શ્રમ કરનારા મજૂરો વચ્ચે આંટો મારવા નીકળ્યા. મજૂરો જોડે સાવ સ્વાભાવિક વાતો કરવા લાગ્યા. એક મજૂરને સહજ ભાવે હળવાશથી પૂછ્યું : ''તમે શું કરો છો?'' મજૂરે કહયું. : મહારાજ, મજૂરી કરું છું મારો મારાં કુટુંબીજનોના પેટનો ખાડો પૂરવા મજૂરી કરું છું.'' રાજાજી આગળ વધ્યા, બીજા મજૂરને પૂછયું : 'શું કરો છો ?' એણે જવાબ વાળ્યો : 'એક મકાન બંધાઈ રહયું છે. તે મકાન બાંધકામની મજૂરી બે પૈસા મળતાં ઘર ચાલશે' આગળ વધી રાજાજીએ ત્રીજા મજૂરને પૂછયું : ''તમે શું કરો છો'' ત્રીજા મજૂરે કહયું ''રાજાજી આપ જે મંદિર બંધાવી રહયા છો તે મંદિર બાંધવામાં મારા શ્રમ સાથે ભગવાનનું મંદિર બાંધવામાં સહાયભૂત થઈ રહયો છું. ભવિષ્યમાં અસંખ્ય લોકો ભકિતભાવથી મંદિરમાં પધારી દર્શન કરી ધન્ય થશે''

દેખીતી રીતે, સપાટી પરની વાત તો એજ હતી કે ત્રણે મજૂરો એક જ જગ્યાએ એક જ કામમાં મહેનત કરી રહયા હતા. પરંતુ ત્રણેયનો કામ કરવા પાછળનો મનનો ભાવ તદ્દન જુદો હતો. પહેલો મજૂર તો બળેબળે મજૂરી કરતો તે વૈતરું જ હતું. બીજો મજૂર મકાન બાંધી બે પૈસા રળી લેવા માગતો હતો. પણ ત્રીજો મજૂર માત્ર શ્રમ જ નહિ શ્રમદાન કરી રહયો હતો. કામ નહિ પણ કર્મયોગ કરી રહયો હતો એટલે જ કર્મચારી નહીં પણ કર્મયોગી શબ્દનું મહત્વ વધ્યું. પેટનો ખાડો પૂરવો ને ઘર ચલાવવાનું પ્રાથમિક કામ તો બધાએ જ કરવાનું હતું. ત્રીજા મજૂરનો શ્રમ માત્ર શ્રમ નહોતો શ્રમદાન હતું. માત્ર કર્મ-મહેનત-શ્રમ-નહોતું પણ કર્મયોગ હતો. એ ત્રીજા શ્રમદાતાની ભાવના, મનોવૃત્તિ ને દ્રષ્ટિકોણ માત્ર અભિનંદનીય જ નહિ પણ વંદનીય બની રહે છે.

સોંપાયેલી કે સ્વીકારેલી કામગીરી પાર પાડવાની જવાબદારીમાં હસ્તકૌશલ ને તનતોડ પરિશ્રમની સાથે ભકિતભાવનો ભેજ ભળે છે ત્યારે તે જવાબદારી પ્રભુ સમર્પિત નૈવેદ્યરૂપ બની રહે છે. કામ કર્યાથી પૈસા મળે, કર્મયોગ કર્યાથી પૈસા તો મળે જ મળે પણ તદ્‌પરાંત પરમ ચેતના સાથેનું અનુસંધાન મળે છે. અંતઃકરણની આરત, હૃદયનો સાચો ભાવ, દિલની સંવેદનાભરી દાનત જ કર્મને કર્મયોગનું ગૌરવ આપી રહે છે.

આપણે કેવળ કર્મચારી ન બનતાં કર્મયોગી બનીએ તેવી આશા અસ્થાને નથી.

૧૫ માર્ચ, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ઊજવણી



યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં ડૉ. કલ્પના મનોજના મર્ગદર્શન તળે હોસ્ટેલની વિદ્યાર્થિનીઓ દ્વારા વાર્ષિક કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે કુલપતિશ્રી દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, સિન્ડિકેટ-સેનેટના સભ્યશ્રીઓ, વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓ, વિવિધ અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ, કો-ઓર્ડિનેટરશ્રીઓ અને યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો.

## ૪૦મો ખેલકૂદ મહોત્સવ



"તમારા ચહેરા આ સરસ જોઉં છું, પછી મારાં વીતેલા વરસ જોઉં છું, તમને એમ કે હું તમને જોઉં છું પણ હું તમારામાં મને જોઉં છું."

ઉપરોકત શબ્દો કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે ભરૂચની એમ.કે. કોમર્સ કોલેજના યજમાનપદે ૪૦મા ખેલકૂદ મહોત્સવના ઉદ્દ્ઘાટન સમારોહમાં દીપ પ્રગટાવી રમતોત્સવ ખૂલો મૂકતી વેળાએ ઉચ્ચાર્યા હતા અને આ તબકકે તેઓશ્રીએ યુનિવર્સિટી ખાતે સ્પોર્ટ્સ સંકુલના નિર્માણનું વચન આપ્યું હતું. આ પ્રસંગે એમ.કે. કોમર્સ, ભરૂચના આચાર્ય ડૉ. વી.એ. જોશીએ કોલેજને ચોથીવાર રમતોત્સવનું આયોજન કરવાનો અવસર પ્રાપ્ત થયાનો આનંદ વ્યકત કર્યો હતો અને રમતવીરોને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. શ્રી



સદ્‌વિદ્યામંડળ ભરૂચના ચેરમેન શ્રી મુકુલભાઈ ઠાકોરે પુષ્પગુચ્છ તેમજ સ્મૃતિભેટ આપીને કુલપતિશ્રી, રજીસ્ટ્રારશ્રી ડૉ. જે.આર. મહેતા તેમજ રમતગમત અને યુવક કલ્યાણ વિભાગના નિયામક શ્રી ડેવિડ પોલનું અભિવાદન કર્યું હતું. શ્રી મુકુલભાઈ ઠાકોરે આ પ્રસંગે રમતવીરોને મૈત્રી સેતુ રચી આપી રમતગમતમાં સફળતા મેળવી સમાજ તેમજ દેશનું નામ રોશન કરવાની હાકલ કરી હતી. યુનિવર્સિટી સંલગ્ન કોલેજની ટીમોએ પોતપોતાની કોલેજના ધ્વજ સાથે ફલેગમાર્ચ કરી હતી. ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટ્સમાં ગૌરવ અપાવનાર ખેલાડીઓ વ્યાયામ જયોત લઈને પસાર થયા હતા અને એ વ્યાયામવીરોનું કુલપતિશ્રીએ અભિવાદન કર્યું હતું. ત્યારબાદ વિશ્વવિદ્યાલય ગાન અને મંગલમય પ્રાર્થના સાથે કુલપતિશ્રીના હસ્તે ખુલ્લા મુકાયેલ રમતોત્સવનો આરંભ થયો હતો. સમગ્ર સમારંભનું સંચાલન પ્રો. હસમુખ પટેલ તથા આભારદર્શન પ્રો.એસ.એન. સોલંકીએ કર્યું હતું.



આ ખેલકૂદ મહોત્સવમાં યુનિવર્સિટી સંલગ્ન ૮૫ કોલજના આશરે ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આર્ટસ એન્ડ કોમર્સ, ચીખલીએ ચેમ્પીયનશીપ હાંસલ કરી હતી. વિજેતા ટીમ તથા વિદ્યાર્થીઓને ભૂતપૂર્વ આચાર્ય ડૉ. બી.બી. કાવીનાના હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવેલ.



## સ્પર્ધા

જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુર મુકામે આંતર યુનિવર્સિટી હેન્ડબોલ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓના પરિચય અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચશ્રી વિપુલ જોષી, મેનેજર તરીકે પ્રો. જીગ્નેશ ટંડેલ અને હિતેષ પાનસુરીયા સેવા આપી રહયા છે. ટીમ : ભાઈઓ - ૧) શ્રી પરમાર ચિંતન બી., ૨) શ્રી મીલ મનદિપ એસ., ૩) શ્રી શર્મા નિરોઝ કે., ૪) શ્રી ચૌહાણ પલય બી., ૫) શ્રી ચૌધરી જયદીપ ડી., ૬) શ્રી ટંડેલ કિશોર ડી., ૭) શ્રી વસાવા વિહાંગ જી., ૮) શ્રી ચૌધરી સ્નેહલ જે., ૯) શ્રી

સૈદને હાર્દિક એસ., ૧૦) શ્રી અંબાલીયા પૃથ્વીરાજ ડી., ૧૧) શ્રી સોલંકી સંચિત વી., ૧૨) શ્રી પટેલ પુષ્પક બી. બહેનો - ૧) કુ. પ્રજાપતિ ક્રિષ્ણા જે., ૨) કુ. પટેલ જૈસિકા કે., ૩) કુ. ટેલર રૂપલ ડી., ૪) કુ. ત્રિવેદી હિતાક્ષી વી., ૫) કુ. બેલાની નિધિ એમ., ૬) કુ. દેસાઈ દિવ્યા પી., ૭) કુ. ઠાકોર મોહીની એ., ૮) કુ. સોલંકી પ્રિયા ટી., ૯) કુ. ખાડુ મેગ્ના ડી., ૧૦) કુ. ભકતા અમી કે., ૧૧) કુ. નાસિત કોમલ એમ., ૧૨) કુ. દેવના જીગ્નાષા બી.

## અધિવેશન




ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને દક્ષિણ ગુજરાત ગુજરાતીનો અધ્યાપકસંઘના સંયુકત ઉપક્રમે સંઘનું છઠ્ઠું વાર્ષિક અધિવેશન તા. ૧૬ માર્ચ ૨૦૧૩ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સેનેટ હોલ ખાતે યોજાઈ ગયું. ઉદ્‌ઘાટન બેઠકમાં અતિથિ વિશેષ તરીકે ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ નાટયકાર, નવલકથાકાર, કવિ એવા ડૉ. ચિનુ મોદી ઉપસ્થિત રહયા હતા. એમણે આ અધિવેશનમાં ચાવીરૂપ વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે કવિ કે લેખક થવા કરતા નાટયકાર થવું અલગ પડે છે. નાટયલેખક પાસે પૂર્ણતા હોવી અનિવાર્ય છે. એ ભાષાને પૂરેપૂરી જાણતો હોય, જીવનને વધુને વધુ માણ્યું હોય, એટલું જ નહીં જીવનરહસ્યોને જાણવા મથ્યો હોય તે જરૂરી છે. એમ હોય તો જ તે નાટયલેખક તરીકે સફળ થઈ શકે. નાટય લેખકમાં એક સાથે અનેક વ્યકિતત્વો સજીવ થતાં હોય તો જ તે કાલંજયી નીવડે તેવો નાટયકાર થઈ શકે.



ગુજરાતી નાટયલેખકોની અનેક રચનાઓના આધારે તેમણે નાટયકારની વિવિધ સર્જનાત્મક તાકાતના ઉદાહરણો સાથે સ્પષ્ટતા કરી આપવા સાથે અધ્યાપકોને નાટય શિક્ષણ આપવામાં કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખવી જરૂરી છે તેની વિગતે સ્પષ્ટતાઓ કરી આપી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને દક્ષિણ ગુજરાતીનો અધ્યાપક સંઘના પ્રમુખ ડૉ. જગદીશ ગૂર્જરે ગુજરાતીના અધ્યાપકોનું અધિત વધે તેવું જણાવ્યું હતુ. કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ કાર્યક્રમ સફળ બને તે માટે શુભેચ્છાઓ આપવા સાથે સૌ અધ્યાપકોને યુનિવર્સિટીમાં આવકાર્યા હતા.



અધિવેશનની પ્રથમ બેઠકમાં ગુજરાતીના જાણીતા નાટયકાર ડૉ. સતીશ વ્યાસે ગુજરાતી એકાંકીના સ્થિત્યંતરો વિશે અભ્યાસપૂર્ણ વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ શ્રી કપિલદેવ શુકલએ મોજીલા મણિલાલ-માં મંચનક્ષમતા એ વિષય પર વકતવ્ય આપ્યું હતું.

દક્ષિણ ગુજરાતીનો અધ્યાપકસંઘની પરાંપરા મુજબ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર અધ્યાપકોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં ડૉ. જશુભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# કોલેજ ન્યૂઝ

## અધિવેશન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એરિયા કોલેજ પ્રિન્સીપાલ એસોસીએશનનું વાર્ષિક અધિવેશન જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી-સુરત મુકામે તા. ૧૭-૨-૧૩ના રોજ યોજાઈ ગયું. જેમાં પ્રવચન પ્રિ. ડૉ. કે.એન. ચાવડા અમરોલી અને આવકાર પ્રવચન પ્રિ. ડૉ. જયેન્દ્રસિંહ ગોહિલે આપ્યું હતું. અહેવાલ મંત્રીશ્રી પ્રિ. ડૉ. અશોક દેસાઈએ આપ્યો હતો. મુખ્ય વકતાશ્રી હસમુખભાઈ પટેલ આઈ.જી. રેન્જ સુરતે જીવન વિદ્યાનું કોલેજના યુવાનોમાં મહત્વ સમજાવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે આચાર્યપણું, આચાર્યસ્વાભિમાન અને કોલેજ ગૌરવની લાગણીઓ પ્રગટ કરી હતી. આ પ્રસંગે તમામ સિન્ડીકેટ સભ્યશ્રીઓ અને ડીનશ્રીઓ હાજર રહયા હતા. ઉપરોકત એસોસીએશનમાં નવા હોદ્દેદારો તરીકે પ્રમુખશ્રી-પ્રિ. ડૉ. વિનોદભાઈ પટેલ (બારડોલી), ઉપપ્રમુખશ્રી પ્રિ. ડૉ. અશોકભાઈ દેસાઈ (વાડિયા વિમેન્સ), પ્રિ. ડૉ. જે.પી. ગોહિલ (કામરેજ), પ્રિ. ડૉ. જાગૃતિબેન પટેલ (લૉ કોલેજ, સુરત), પ્રિ. ડૉ. યોગેશભાઈ ભટ્ટ (ધરમપુર), મહામંત્રી તરીકે પ્રિ. ડૉ. કે.એન. ચાવડા (અમરોલી કોલેજ), સહમંત્રીશ્રી તરીકે પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલ (નવયુગ સાયન્સ-સુરત), પ્રિ. ડૉ. ભાવિનભાઈ નાયક (બારડોલી), ખજાનચી તરીકે ડૉ. દિલીપભાઈ વરસાણી (ધારૂકાવાળા સુરત), પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈ (વાપી), સલાહકાર તરીકે પ્રિ. ડૉ. જે.ટી. દેસાઈ (વલસાડ), ડૉ. વિપિનભાઈ નાયક (એસ.પી.બી.), પ્રિ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ (ખોલવડ) અને સ્વનિર્ભર કોલેજના પ્રતિનિધિ તરીકે પ્રિ. ડૉ. પંકજભાઈ દેસાઈ (વલસાડ) અને પ્રિ. ડૉ. પ્રતિભાબેન (રામકિષ્ન, સુરત)ની વરણી થઈ હતી. આભારવિધિ પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલ કરી હતી.

## NET

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ભિલાડના અંગ્રેજી વિષયના અધ્યાપક સહાયક શ્રી જશવંત રાઠોડે યુ.જી.સી. નવી દિલ્હી દ્વારા જૂન ૨૦૧૨માં લેવામાં આવેલ NET ઉત્તિર્ણ કરેલ છે. અભિનંદન

## સ્પર્ધા

સરકારી વિનયન અને વાણિજય કોલેજ ભિલાડમાં તા. ૨૪-૧-૧૩ના રોજ સર્જનાત્મકધારા અંતર્ગત યોજાયેલ રંગોળી સ્પર્ધામાં અનેક વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરત દ્વારા ગણતંત્ર દિન અંતર્ગત આંતર કોલેજ દેશભકિતગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દક્ષિણ ગુજરાતની વિવિધ બી.એડ્. કોલેજોએ ભાગ લીધો હતો. દેશભકિત ગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે સરદાર પટેલ કોલેજ ઓફ એજયુકેશન, અમરોલીની ભટ્ટ મમતા, દ્વિતીય ક્રમે શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, અમરોલીની રબારી શિતલ અને તૃતીય ક્રમે શ્રી સર્વોદય બી.એડ્. કોલેજ, સુરતની પટેલ પ્રિતી આર. રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભાવિકભાઈ ગજ્જર દ્વારા થયું હતું. નિર્ણાયક તરીકે સારંગ ટવીન્કલ તથા મિત્તલભાઈ પારેખે ફરજ બજાવી હતી. આભારવિધી પ્રા. ડૉ. અનિલ આર. સિંધે કરી હતી. કાર્યક્રમનું આયોજન પ્રા. દિપ્તીબેન શ્રોફ અને પ્રા. દેવાંગનાબેન પટેલે કર્યું હતું.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં વાર્ષિક રમતોત્સવનું ઉદ્ઘાટન ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલના વરદ્ હસ્તે થયું હતું. જેમાં ક્રિકેટ, વોલીબોલ, બેડમિન્ટન, ચેસ, કેરમ, લીંબુ ચમચી, રીંગણ પાણી, કોથળા દોડ, ૧૦૦ મી. દોડ, ગોળા ફેંક, ચક્ર ફેંક, સિકકા શોધ વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલ અને પ્રા. ડૉ. પારુલબેન નાયકે કર્યું હતું.



વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરામાં શેકસપિયર કૃત 'As You Like It' નાટક ભજવવામાં આવ્યું, જેમાં પ્રથમ : પટેલ અનિતા ભીખુભાઈ - ઓર્લેન્ડો (પાત્ર), દ્વિતિય : જોશી હેમાલી જયેશભાઈ - જેનિમેડ (પાત્ર), તૃતીય : સિદાત સુફીયાન હસનભાઈ - ડયૂક ફેડરિક (પાત્ર). પ્રા. સંગીતા કે શર્મા, ડૉ. સબીહા શેખ અને પ્રા. રંજનબેન રાઠોડે નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી.

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત સરકાર આયોજીત ખેલ મહાકુંભ-૨૦૧૩ અંતર્ગત રાંદેર ઝોનની સ્પર્ધામાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતની કુ. ઋતા વિઠાણીએ ગોળાફેંક તેમજ બરછી ફેંકમાં પ્રથમ ક્રમ તેમજ ચક્ર ફેંકમાં તૃતીય ક્રમ મેળવ્યો છે. આ ઉપરાંત અતુલ ખાતે યોજાયેલ વલસાડ જીલ્લાની સ્વીમીંગ સ્પર્ધામાં લાયબ્રેરીયન શ્રી પી.બી. પટેલે ૫૦ મીટર, ૧૦૦ મીટર, ૨૦૦ મીટર બ્રેસ્ટ સ્ટોક, ૧૦૦ x ૪ મીડ્લે રીલે અને ૧૦૦ x ૪ ફ્રી રીલેમાં દરેક સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી કુલ રૂા. ૧૫,૦૦૦ નું રોકડ ઈનામ પ્રાપ્ત કરેલ છે.

ગુજરાત રાજય જલદ ચાલ સ્પર્ધા રાજપીપલા મુકામે યોજાઈ, તેમાં વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરાનાં શ્રી મોહનભાઈ પટેલે ૧૦ કિ.મી.ની જલદ ચાલ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવ્યા છે.

જે.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરમાં સ્વ. જગમોહનદાસ શ્રોફ. સ્મારક વકતૃત્વ સ્પર્ધા અંતર્ગત 'મહિલાઓની સલામતી માટે શું ફાયદા અસરકારક છે ?' વિષય પર યોજાયેલ સ્પર્ધામાં પ્રથમ-ગોરા શેઠ શિરીન, બીજા ક્રમે - ભટ્ટ નઈમા, ત્રીજા ક્રમે-સોલંકી મનોજ રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. એમ. કે. શાહે કર્યું. સમારંભના પ્રમુખ પ્રિ. ડૉ. આઈ.એમ. ભાનાએ વકતવ્યમાં જણાવ્યું - 'સમાજમાં આજે સંસ્કારોની અછત છે અને તેથી સમસ્યા રાક્ષસી રૂપ ધારણ કરે છે. નિર્ણાયક તરીકે ડૉ. એમ. એફ. રાઉલજી (ભરૂચ), ડૉ. એમ.આર. પટેલ રહયા હતા.



વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરામાં તા. ૨૯-૧-૧૩ના રોજ અંગ્રેજી વિભાગમાં એફ.વાય. અને એસ.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ વચ્ચે 'Power Point Presentation of Poetry'ની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ નંબરે અમિષા આઈ. પટેલ, દ્વિતીય નંબરે જયશ્રી આર. પટેલ અને તૃતીય નંબરે ગુંજન એમ. પટેલ વિજેતા થયા. આ કાર્યક્રમમાં પ્રા. દીપેશભાઈ બી. પટેલ તથા પ્રા. ભાવેશ એ. પટેલે નિર્ણાયક રહયા હતા. તેમજ પ્રા. સંગીતા કે શર્મા અને પ્રા. રોશની વી. પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે આચાર્ય ડૉ. એમ.એન. વશી અને કેમ્પસ ડાયરેકટર ડૉ. ખેમરાજ પિછોલીયા મુખ્ય મહેમાન તરીકે હાજર રહયા હતા.

શ્રી સી.જે. પટેલ વિદ્યાધામ કોમર્સ કોલેજ, સુરતમાં આયોજિત શૈ.વર્ષ ૨૦૧૨-૧૩ અંતર્ગત આંતરકોલેજ વિવિધ સ્પર્ધાઓ પૈકીની પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં વાઘેલા ધ્રુવીએ દ્વિતીય ક્રમ, શીંદે અંકિતાએ પ્રથમ ક્રમ, પોસ્ટર મેકિંગ પર્ધામાં જગુવાલા હિમાનીએ તૃતીય ક્રમ મેળવેલ છે. તથા યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજોની આંતરભકિત દેશભકિત ગીત સ્પર્ધામાં રબારી શીતલે બીજો ક્રમ મેળવેલ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટેકવેન્ડો રમતની ટીમની પસંદગી બારડોલી કોલેજમાં રાખવામાં આવી હતી જેમાં. વી.એસ. પટેલ કોલેજના પટેલ મહેશ એસ.ની પસંદગી થઈ હતી અને તેઓ ઓલ ઈન્ડીયા ઈ.યુનિ. રમવા માટે ચંદીગઢ મુકામે જશે.

તા. ૨૭-૧-૧૩ના રોજ એમ.કે. કોલેજ ભરૂચ ખાતે યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત આંતર કોલેજ હેન્ડબોલ સ્પર્ધામાં ઈવનીંગ કોમસ કોલેજ, સુરત રનર્સ અપ બની હતી. તા. ૨૯-૧-૧૩ના રોજ નારણલાલા કોલેજ, નવસારી ખાતે યોજાયેલ બેસ્ટ ફિઝિકસ સ્પર્ધામાં હાસિમ પઠાણ બીજીવાર મિસ્ટર યુનિવર્સિટી બન્યા હતા. તા. ૨૯/૩૦-૧-૧૩ના રોજ નારણલાલા કોલેજ, નવસારી ખાતે યોજાયેલ ઈન્ટર કોલેજ સ્પર્ધામાં ગોપ્લાની મોહિતે ગોલ્ડ મેડલ તથા બેસ્ટ ફિઝિકસ સ્પર્ધામાં પઠાણ હાસિમે ગોલ્ડ મેડલ મેળવેલ છે.

તા. ૩૦-૧-૧૩ના રોજ નવસારી ખાતે નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ દ્વારા આંતર કોલેજ વેઈટલીફટીંગ તથા પાવર લીફટીંગ સ્પર્ધામાં ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજનો બીસીએના પટેલ જીગર આર. પાવર

લીફટીંગમાં યુનિવર્સિટી ચેમ્પીયન બન્યો છે. જેઓ એમ.એલ. સુખડીયા, ઉદેપુર મુકામે યોજાનાર ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટીમાં કોલેજ તથા યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે.

શ્રીમતી જી.એન. પંડયા કોમર્સ કોલેજ, સુરતના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી આયોજીત ૪૦માં રમતોત્સવમાં ભરૂચ ખાતે સ્થિત એમ. કે. કોમર્સ કોલેજમાં ભાગ લીધો. જેમાં સિધ્ધિકી આરીફઅલીએ ચક્રફેંકમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડના શ્રી શેખ સોહેલ એચ. યુનિવર્સિટી, સુરત અને એમ.કે. કોમર્સ કોલેજ, ભરૂચના સંયુકત ઉપક્રમ યોજાયેલ ૪૦મો ખેલકૂદ મહોત્સવમાં ઊંચીકૂદમાં ગોલ્ડ મેડલ અને લાંબીકૂદમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા એમ.કે. કોમર્સ કોલેજ, ભરૂચ મુકામે યોજાયેલ એથ્લેટીક મીટમાં નવયુગ સાયન્સ કોલેજે કુલ આઠ મેડલ મેળવ્યા. જેમાં પટેલ ચિંતન ટી.એ. લાંબી કુદ અને લંગડી ફાળ કુદમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી બે ગોલ્ડ મેડલ, વસાવા ભૌતિકે ૧૧૦ મીટર વિધ્ન દોડમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ, વિઠાણી ઋતા જે. એ ગોળા ફેંકમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ, તેમજ ૪x૧૦૦મી. રીલેમાં કોલેજની ટીમ (૧) વસાવા ભૌતિક એ. (૨) પટેલ જયકિશન (૩) પટેલ અક્ષય (૪) પટેલ ચિંતન એ બીજો ક્રમ પ્રાપ્ત કરી ચાર સિલ્વર મેડલ મેળવ્યા હતા.

કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ, ચીખલી દ્વારા Thinker's Race-2013ના ભાગ રૂપે IT Competitions તેમજ રંગોળી અને પોસ્ટરનું આયોજન તા. ૨૭ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં યુનિવર્સિટી, સંલગ્ન બી.સી.એ. કોલેજના તેમજ અન્ય યુનિવર્સિટીઓના ૧૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈ.ચા. આચાર્ય શ્રી અશોકસિંહ સોલંકી દ્વારા મહેમાનો તેમજ સ્પર્ધકોનું ઉમળકાભરે આવકાર આપવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. કમલ છાયા ઉપસ્થિત રહયા હતા. પ્રાસંગિક પ્રવચનમાં પાયોનિયર કોલેજના આચાર્યા ડૉ. ફાલ્ગુની દેસાઈએ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. જજ તરીકે સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલીના આ. પ્રો. દિવ્યેશભાઈ મિસ્ત્રીએ સેવા આપી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨-૨-૧૩ના રોજ મ્યુઝિકલ ઈવનિંગ ઉજવણીના ભાગરૂપે યોજાયેલ ફીલ્મી ગીતોની સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓના ગૃપમાં કુ. શ્રેયા પંડયા પ્રથમ, કુ. ફાલ્ગુની પટેલ દ્વિતિય, કુ. હર્ષિદા નીકમ તૃતીય તથા કુ. શૈલી ઉપાધ્યાય અને કુ. સિદ્ધિકા કુરેશી આશ્વાસન ઈનામ માટે વિજેતા જાહેર થયા હતા જયારે વિદ્યાર્થીઓના ગૃપમાં શ્રી કાસીમ શેખ પ્રથમ, શ્રી મોહસીન શેખ દ્વિતીય તથા હર્ષ દેસાઈ તૃતીય વિજેતા જાહેર થયા. નિર્ણાયકો તરીકે શ્રી દિલિપભાઈ વિસ્પુતે તથા શ્રીમતી ખ્યાતિબેન ઉપાધ્યાયે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન કુ. શૈલી ઉપાધ્યાય અને કુ. સિદ્ધિકા કુરેશીએ કર્યું હતું. જયારે પ્રા. કે.આર. ભાવસાર અને ડૉ. દક્ષાબેન ઠાકોરે સ્પર્ધકોને જરૂરી માર્ગદર્શન પુરું પાડયું હતું.

બારડોલી બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશનમાં ખેલકૂદ-યોગ-વ્યાયામધારા અંતર્ગત ઈનડોર અને આઉટડોર વિવિધ રમતોનું આયોજન થયું. આ સ્પર્ધાઓમાં એક મિનિટ સ્પર્ધા, કેરમ, ચેસ, સ્મૃતિ કસોટી તેમજ ખો-ખો, વોલીબોલ, લીંબુ ચમચી, કેળાકૂદ, ઝડપી ચાલ, દોડ અને ક્રિકેટ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૧૨-૧-૧૩ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ પ્રસંગે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વિજેતાઓને ટ્રોફી તથા દરેક સ્પર્ધકોને સર્ટીફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પરિણામ : પ્રથમ-કુ. વિહંગી એસ., દ્વિતીય- શ્રી પંકજ પરમાર, તૃતીય- કુ. ખ્યાતિ જે. શુકલ, કુ. વૈભવી એચ. દેસાઈ, આશ્વાસન - કુ. નીકીષા આર. રાણા, કુ. યાશીકા એસ. ચૌહાણ.

શ્રી વી.એચ. પટેલ કોલેજ ઓફ બી.એડ્., ધરમપુરમાં યોજાયેલ આંતર કોલેજ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધામાં ૧૬ સ્પર્ધકોએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન મોકલાવ્યા હતા. જેમાં પ્રથમ-પટેલ ઉપાંગના આર. (શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા), દ્વિતીય-પટેલ હેતલ કે. (શ્રી અખંડવિદ્યા આરણ્યક બી.એડ્. કોલેજ, બરૂમાળ), તૃતીય- કાનન ભટનાગર ડી. (ભગવાની મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.), સુરતના પ્રશિક્ષણાર્થીઓ વિજેતા બન્યા હતા. વિજેતા સ્પર્ધકોને અનુક્રમે ૧૦૦૦, ૭૦૦, અને ૫૦૦ રૂપિયાનું ઈનામ તેમજ તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધાની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની સીડી કોલેજોને આપવામાં આવી હતી. આ સ્પર્ધાના આયોજનમાં પ્રા. શ્રી બિપિનભાઈ બી. પટેલ અને ચેતનાબેન ટી. પટેલ કન્વીનર હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કાલેજ બેડમિન્ટન (બહેનોની) ટુર્નામેન્ટ આર. એમ. કોમર્સ કોલેજ, રાજપીપળા મુકામે યોજાઈ હતી. જેમાં ૨૮ જેટલી ટીમોએ ભાગ લીધેલ હતો. જેમાં નારણ લાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીએ પ્રથમ વખત બહેનોની સ્પર્ધામાં ચેમ્પિયનશીપ હાંસલ કરી છે. ખેલાડીઓને તાલીમ અને માર્ગદર્શન શા.શિ.ના વ્યાખ્યાતા મયુર પટેલે આપેલ હતું.

## આરોગ્ય

શ્રીમતી જી.એન. પંડયા કોમર્સ કોલેજ, સુરતના વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટ આપી આરોગ્યની તપાસ કરાવી હતી.

સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર સંલગ્ન કાળીદાસ હોસ્પિટલ સાથે દિવાળીબા આરોગ્ય ભવનને સંલગ્ન કરવાનો પ્રસંગ તા. ૨૭-૧-૧૩ના રોજ યોજાઈ ગયો. જેમાં અધ્યક્ષસ્થાને શ્રી ઠાકોરભાઈ ટેલર, ઈલાબેન ટેલર, અતિથિ વિશેષ તરીકે નારણભાઈ જી. પટેલ, શ્રી ભીખુભાઈ પટેલ, પુષ્પાબેન પટેલ, શ્રી હર્ષદભાઈ શાહ, નલીનભાઈ વ્યાસ હાજર રહયા હતા. આ સંકુલ માટે ભીખુભાઈ પટેલે રૂા. ૨૧ લાખનું દાન આપ્યું હતું. આ પ્રસંગે ડૉ. માર્કંડ ભટ્ટ ઓપરેશન થિયેટર સંકુલનું નામકરણ થયું હતું. તેના માટે જી.એચ. ભકત ફાઉન્ડેશન ટ્રસ્ટે રૂા. ૧૧ લાખનું દાન આપ્યું છે. વધુમાં ડૉ. ઘનશ્યામભાઈ રાવલ યુનિવર્સિટીના હોમિયોપેથીના ડીન અને ડૉ. અજયભાઈ દેસાઈ અધર ધેન ડીન બનતાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## પુસ્તક પરિચય

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના નેજા હેઠળ ચાલતાં ''પુસ્તક પરિચય હારમાળા'' કાર્યક્રમ અંતર્ગત તા. ૨૯-૧-૧૩ ના રોજ યોજાયેલ પ્રા. એમ.એ. મુલ્લાએ શ્રી ચંદ્રેશ મકવાણા સંપાદિત પુસ્તક ''ચાણકયમેન્ટ'' મેનેજમેન્ટનું સર્વોચ્ચ શિખર નો પરિચય કરાવવામાં આવ્યો હતો.

## એન.એસ.એસ.

શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વરનો રાષ્ટ્રીય સેવા યોજનાનો વાર્ષિક શિબિર તા. ૧૯-૧ થી ૨૫-૧-૧૩ દરમિયાન નવી દીવી, પ્રાથમિક શાળા ખાતે યોજાઈ ગયો. જેના ઉદ્‌ઘાટન પ્રસંગે ભરૂચ એમ.કે. કોમર્સ કોલેજ, અંકલેશ્વરના આચાર્ય શ્રી ડૉ. બોમી કાવીના, સરપંચશ્રી ગીતાબેન વસાવા, સભ્યશ્રીઓ, ગ્રામ અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. ગ્રામ જાગૃતિ સંદર્ભે પ્રભાતફેરી, સૂત્રોચ્ચાર તથા શ્રમસફાઈ કાર્ય કરવામાં આવ્યું હતું. નર્મદા ચેનલના ડાયરેકટર શ્રી હરીશ જોશી, સાહિત્યકાર શ્રી ઋષિ દવે, શ્રી કૌશિક લીમ્બાચીયા, શ્રી કિરણ પટેલ, શ્રી દિનેશ સેવક, શ્રી મગનભાઈ પટેલ, સ્વામી માર્ગસ્મિત વગેરે વકતાઓએ વાર્ષિક શિબિરમાં બૌદ્ધિક વ્યાખ્યાનો આપ્યા હતાં. આ ઉપરાંત સ્વામી વિવેકાનંદ જીવન પ્રદર્શન, મતદાર જાગૃતિ અભિયાન, મતદાર જાગૃતિ શપથ, 'મોબાઈલ સ્કૂલ પ્રોજેકટ' દ્વારા જ્ઞાન સાથે ગમ્મત કાર્યક્રમ પ્રસ્તુત થયો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે ચીફ ઓફિસર ચેતન દવે ઉપસ્થિત રહયા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકો ઉપરાંત પ્રાથમિક શાળાના બાળકોએ રંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. શ્રી વિશાલ પટેલ તથા કુ. રેણુકા પટેલને શ્રેષ્ઠ કામગીરા માટે 'બેસ્ટકેડેટ' જાહેર કરવામાં આવ્યા હતા. પૂર્ણાહુતિ સમારંભમાં રોટેરિયન શ્રી ઈસ્માઈલભાઈ, ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. કે.એસ. ચાવડા, જી.એસ. શ્રી પરેશ પટેલ, સરપંચ શ્રી ગીતાબેન વસાવા, નવી દીવી પ્રાથમિકશાળાના આચાર્ય જયોતિબેન માસ્તર, સભ્યશ્રીઓ તથા ગ્રામ અગ્રણીઓ ઉપસ્થિત રહયાં હતા. પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. વર્ષા પટેલ તથા ડૉ. જયશ્રી જે. ચૌધરીએ વાર્ષિક શિબિરને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.



નવયુગ સાયન્સ કોલેજ, સુરતના એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થીઓનો વાર્ષિક શિબિર તા. ૨૧ થી ૨૭ જાન્યુઆરી દરમ્યાન ચીખલી તાલુકાના રાનવેરી કલ્લા ગામે યોજાયો હતો. આ શિબિરમાં ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓએ રાનવેરી કલ્લા, રાનવેરી ખુર્દ અને વાંઝણા ગામની પ્રાથમિક શાળામાં ધો.૬-૭ અને ૮માં પ્રયોગ-આધારિત ગણિત, વિજ્ઞાનનું શૈક્ષણિક કાર્ય કર્યું હતું. આ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ રૂપે વિદ્યાર્થીઓ ઘરે-ઘરે જઈ અમૃતરસ સમાન સરગવાનું આરોગ્યની દ્રષ્ટિએ મહત્વ, સિકલ સેલ રોગ થવાના કારણો અને ઉપાયો, સેન્દ્રીય ખાતરના ઉપયાગ વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને તે અંગેનો સર્વે કર્યો. શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓ માટે "વનભ્રમણ" નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૩૦ જેટલી વનઔષધોની ઓળખ અને તેના ઉપયોગોની માહિતી મેળવી હતી. આચાર્યશ્રીના પ્રયાસ રૂપે કોલેજ કેમ્પસમાં લગભગ ૪૫૦ વસ્ત્રોનું એકત્રીકરણ કરીને ગરીબ લોકોને અર્પણ કરાયા હતા. સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિના ઉજવણીના ભાગ રૂપે સ્વામી વિવેકાનંદ સ્પર્ધાશતી સમારોહ સમિતિ દ્વારા મળેલ સ્વામીજીના ફોટોગ્રાફ અને પુસ્તકોનું મફત વિતરણ પણ કરાયું હતું. આ શિબિરમાં પ્રોગ્રામ ઓફિસર પ્રા. પી.સી. પટેલ અને પ્રા. એસ.ડી. પંડયા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું.

તા. ૮-૨-૧૩ના રોજ જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના એન.એસ.એસ. વિભાગ દ્વારા એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માનવ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બિનવારસી મંદબુધ્ધિના માનવીઓની સંભાળ લેતા ગોથાણ ગામ નજીક આવેલા આશ્રમની મૂલાકાત લીધી હતી. તથા મંદબૂધ્ધિના આશ્રમ નિવાસી લોકોની દિનચર્યા અંગેની માહિતી મેળવી હતી તથા આ લોકો માટે જરૂરી વસ્તુઓ ભેટમાં આપી હતી અને વિદ્યાર્થીઓએ તેમના નાસ્તાની વ્યવસ્થા કરી હતી તથા મંદબુધ્ધિના માનવીઓ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ગરબાનો કાર્યક્રમ કર્યો હતો. આ શિબિરમાં લગભગ ૭૦ જેટલા વિદ્યાર્થીઓ તથા પ્રા. એન.બી. બારિયા, પ્રા. જે.ડી. વાછાણી, પ્રા. વિજયભાઈ ચૌધરીએ હાજરી આપી હતી. તથા જી.એસ. ભાવેશ રબારીએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તદ્‌પરાંત એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા સાયણ રોડ પર આવેલ ઓટીઝમ મંદબુધ્ધિ અને બહુવિકલાંગતા ધરાવતી બહેનોની નિવાસીશાળા "આશિયાના"ની મુલાકાત લીધી હતી તથા આ બાળકોને માટે જરૂરી ચીજ વસ્તુઓ આપી હતી તથા તેમની સાથે સમય વિતાવ્યો હતો. કાર્યક્રમના સંચાલનમાં પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ મહત્વનું માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તથા જી.એસ. શ્રી ભાવેશ રબારીએ કાર્યક્રમમાં રસપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રામમાં પ્રા. એન.બી. બારિયા, પ્રા. વિજયભાઈ ચૌધરી તથા પ્રા. જે.ડી. વાછાણીએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં લગભગ ૩૫ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

નવસારી જીલ્લા પોલીસ, કરૂણા ચેરીટેબલ ટ્રસ્ટ અને નારણલાલા કોલેજીસના એન.એસ.એસ. ઉપક્રમે સ્વરક્ષણ તાલીમ શિબિરનું આયોજન નારણલાલા કોલેજ ખાતે થયેલ હતું. જેમાં નવસારી જીલ્લા ટ્રાફીક પીએસઆઈ શ્રી કે.ડી. નકુમ, કરૂણા ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી અશ્વિનભાઈ બારોટ અને અનિલભાઈ ભાવસાર ઉપસ્થિત રહયા હતાં.

## વ્યાખ્યાન

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં ઉદીશા કલબ અંતર્ગત ભારત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત એમ.બી.એમ. કોન્વેન્ટ હાઈસ્કુલના આચાર્યા શ્રીમતી દર્શનાબેન ધીમરે 'શિક્ષક ભરતી પ્રક્રિયા અને રજાના નિયમો' વિષય પર ઉદાહારણસભર વ્યવહારુ જ્ઞાન મળે તે રીતે વકતવ્ય આપ્યું હતું. વ્યાખ્યાનનું આયોજન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે અને સંચાલન પ્રા. મનાલીબેન દેસાઈએ અને આભારવિધિ પ્રા. ધીરેનભાઈ મૈસુરીયાએ કરી હતી. તદ્‌પરાંત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતરકોલેજ વ્યાખ્યાનમાળા પ્રસંગે 'પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા' વિષય ઉપર પ્રવચન રજૂ કર્યુ હતું. ડૉ. પ્રફુલસિંહ રાજ યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાના ડીન તરીકે વરણી થતાં અધ્યાપકો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. મિનાલીબેન દેસાઈ અને આભારવિધિ પ્રા. ઉમેશભાઈ પટેલે કરી હતી.

શ્રી માધવ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી (બી.સી.એ. કોલેજ), પાંડેસરા ખાતે ગાયત્રી પરિવારના ઉપક્રમે તા. ૯-૧૧-૧૨ ફેબ્રુઆરી દરમ્યાન 'ત્રિદિવસીય યોગસત્ર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વિદ્યાર્થીઓને યોગનું

મહત્ત્વ અને યોગના ફાયદાઓ વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તથા અધ્યાપકગણે વિવિધ યોગાસનો તથા સૂર્યનમસ્કારનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. તદ્‌પરાંત તા. ૧૪-૨-૧૩ના રોજ સંસ્થાના "વસંતપંચમી"ની ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા શ્લોક, સ્તુતિ અને પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના વકતવ્ય દ્વારા વસંતપંચમીનો મહિમા સમજાવ્યો હતો. તે ઉપરાંત "રાષ્ટ્રીય વાઘ દિવસ" અંગેની માહિતી પણ વકતવ્ય દ્વારા પૂરી પાડવામાં આવી હતી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. રમેશચંદ્ર કોઠારીનું એમિટી બી.એડ્. કોલેજ, ભરૂચમાં "ગુણવત્તાની જરૂરિયાત : શિક્ષણ અને શિક્ષકમાં" વિષય પર શિક્ષકની કારકિર્દી વિશે તલસ્પર્શી માહિતી આપી ત્રણ સી (૧) Care, (૨) Concern અને (૩) Commitment ની સમજ આપી હતી. તેઓશ્રીએ શિક્ષકનો સર્જકતા, નિર્ણયશકિત અને વકતૃત્વ કળા વિકસાવવા સૂચવ્યું હતું. આ પ્રસંગે તેઓશ્રીના વરદ્‌હસ્તે જે.પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચના પ્રાધ્યાપિકા ડૉ. મિનલ દવેએ પીએચ.ડી. ની ઉપાધિ પ્રાપ્ત કરી હોવાથી સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી જી.એન. પંડયા કોમર્સ કોલેજ, સુરતમાં પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી. આર. કોમર્સ કોલેજ, બારડોલીના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલનું વિદ્યાર્થીઓને ધ્યેયકેન્દ્રીત બનાવા અને જ્ઞાન-ગ્રહન કરવા માર્ગદર્શક સુચનો આપ્યા. સંસ્થાના ઉપપ્રમુખશ્રી અશોકભાઈ ત્રિવેદી કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. કવિતા બોર્સે અને પ્રો. દિવ્યેશ સોલંકીએ કર્યુ.

બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટિટયુટ, નવસારીમાં કાર્યરત "વિમેન શેલ"ના ઉપક્રમે નવસારી જીલ્લા પોલીસ અને કરૂણા ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી યોજાયેલા "સેલ્ફ ડિફેન્સ સેમિનાર"માં નવસારી જિલ્લા પોલીસ વડાશ્રી નિલેશ જાંજડીયા કરાટેકા શ્રી અશ્વિનભાઈ બારોટ, ટ્રસ્ટીશ્રી એ.પી. ફનીબંદા અને આચાર્યા ડૉ. દીનાબેન વાય. ચાંપાનેરી ઉપસ્થિત રહયા હતા. મહિલા જી.એસ. ડીન્કી શાહ, વિદ્યાર્થીનીઓ પૂજા પટેલ તથા કિંજલ રાઠોડે પ્રેસ રિપોર્ટરો સમક્ષ સ્વરક્ષણની તાલીમની આવશ્યકતા અંગે વિવિધ મંતવ્યો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ સ્વરક્ષણ માટેની કરાટેની ટ્રેનિંગમાં જોડાયા.

## ઊજવણી

શાહ એન.એચ. કોમર્સ કોલેજ વલસાડની તા. ૩૧-૧-૧૩ના રોજ 'ફનફેર ડી'ની ઉજવણી થઈ હતી. જેમાં પ્રથમ ક્રમે એસ.વાય.બી.કોમ. "સી", દ્વિતીય ક્રમે એસ.વાય.બી.કોમ. "બી", અને તૃતીય ક્રમે ટી.વાય.બી.કોમ. "બી" વિજેતા થયા હતા. તથા "ડેઈઝ" ઉપક્રમે વિદ્યાર્થીઓએ આઠ ટીમો બનાવી રૂા. ૧૮૦૩૦/- એને પાંચ ફૂલસ્કેપ નોટબુકનું દાન એકત્રિત કર્યુ હતું.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં વર્ષ ૨૦૧૨-૧૩ના યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પી.આર.બી. આર્ટ્સ એન્ડ પી.જી. આર. કોમર્સ કોલેજ, બારડોલીના પ્રિ. ડૉ. વિનોદભાઈ પટેલ હાજર રહયા હતા. ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ અને કોલેજ પરિવાર હાજર રહયા હતાં. 'ભારતનો સાંસ્કૃતિ વારસો' થીમએઈઝ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં બી.એડ. અને પી.ટી.સી.ના વિદ્યાર્થીઓએ ગણેશવંદના, વંદેમાતરમ્, સમૂહગીત, નૃત્ય, દેશભકિતગીત, ગરબો, રાસ રજૂ કર્યા હતા. આ દિવસે અધ્યાપકમંડળ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૨૪-૨-૧૩ના રોજ મોહનલાલ ચુનીલાલ સાંસ્કૃતિક હોલ, સોમનાથ ખાતે એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો, જેણે વી.ન.દ.ગુ.યુનિ. ના રજીસ્ટ્રારશ્રી, શિક્ષણવિદ્યાશાખાના ડીનશ્રી, મંડળના પદાધિકારીશ્રીઓ, સંસ્થાના પૂર્વ આચાર્યો, અધ્યાપક પરિવાર, ભૂતપૂર્વ તાલીમાર્થીઓ અને ઉપસ્થિત મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયક દિગ્દર્શિત નાટિકા 'સ્વામી વિવેકાનંદ જીવન દર્શન' એ દર્શકોને જીવંત રીતે વિવેકાનંદના જીવનથી પરિચિત કરાવ્યા હતા. આ કાર્યક્રમમાં ગરબો, એકપાત્રીય અભિનય, નૃત્ય નાટિકા, હળવું કંઠય સંગીત, નૃત્ય હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષપદ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી નૌસીરભાઈ બધનીએ શોભાવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી જે.આર. મહેતાએ શિક્ષણ જગતની નકકર વાસ્તવિકતાઓની સુંદર સમીક્ષા કરી હતી. તેમણે આ સંસ્થાની પરંપરાઓ અંગે તથા ઉત્તમ કક્ષાના આ સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે સમગ્ર કોલેજ પરિવારને અભિનંદન આર્શીવચન આપ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રા. ગાયત્રીબેન પટેલના માર્ગદર્શન હેઠળ તાલીમાર્થીઓ રચિત હસ્તલિખિત અંક "સ્વામી વિવેકાનંદ"નું મહેમાનશ્રીના હાથે વિમોચન કરવામાં આવ્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧-૨-૧૩ના રોજ રાસ-ગરબા 'ડે' ની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ અને સ્ટાફના સભ્યોએ ડ્રેસિંગમાં ગુજરાતી રાસ-ગરબામાં સ્ટાફના સભ્યો પણ જોડાયા હતા.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી પ્રસંગે યોજાયેલ ગઝલ પાઠન સ્પર્ધામાં પ્રથમક્રમે ગોથાણા રંજનબેન, દ્વિતીય ક્રમે શાસ્ત્રી રીટાબેન અને તૃતીયક્રમે પટેલ કમલેશભાઈ રહયા હતા. આ ઉપરાંત કાવ્યગાન સ્પર્ધામાં પ્રથમ ક્રમે સુર્યવંશી દિપાલી, બીજા ક્રમે પટેલ મોહિનીબેન અને તૃતીય ક્રમે પટેલ મનિશાબેન રહયા હતા. કાર્યક્રમ અંગે ઈ.ચા. આચાર્યશ્રી કૃણાલભાઈ પંચાલે શિક્ષકો માટે માતૃભાષાના ઉપયોગ, વ્યાકરણની શુધ્ધિ અને ગુજરાતી સાહિત્યને વધુને વધુ વાંચવા તથા વંચાવવા અનુરોધ કર્યો હતો. આ દિવસે માતૃભાષા વિશેષ કૃતિઓ દ્વારા બુલેટીન બોર્ડ શણગારવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન પ્રા. ઉમરાળીયા ભાવિષાબેનના માર્ગદર્શનને હેઠળ મોદી સન્ની તથા પટેલ શેહજૂનાએ કર્યુ હતું. માતૃભાષા દિવસની ઉજવણીમાં દરેક અધ્યાપકોએ પોતાની આગવી શૈલીમાં કાવ્ય પઠન કર્યુ હતું. અંતિમ સ્પર્ધામાં પ્રકૃતિ, પ્રેમ, શિક્ષક, માતૃભાષા વગેરે થીમ આધારિત કાવ્ય સર્જન સ્પર્ધા યોજાઈ હતી. તદ્‌પરાંત તા. ૨૮-૨-૧૩ના રોજ યોજાયેલ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી પ્રસંગે સત્યશોધક સભા, સુરતના સહમંત્રી શ્રી ગુણવંતભાઈ ચૌધરીએ અંધશ્રધ્ધા, કુરિવાજો-વહેમો ઉપર વ્યાખ્યાન આપીને પ્રયોગો કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિજ્ઞાનની કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ઉમેશભાઈ પટેલ અને આભારવિધિ પ્રા. પલ્લવીબેન પટેલે કરી હતી.

## વાંચન વિશેષ

**એબ્રહામ લિંકન**

મણિભાઈ ભ. દેસાઈ

અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૮૦. પૃ. ૬૧૧. રૂા. ૩૦.૦૦

એબ્રાહમ લિંકન (૧૨ ફેબ્રુઆરી ૧૮૦૯-૯૫ એપ્રિલ ૧૮૬૫) અમેરિકાના સોળમાં રાષ્ટ્રપતિ હતા. તેમણે અમેરિકાને તેના સૌથી મોટા ગૃહયુધ્ધમાંથી બચાવ્યું હતું. અમેરિકાની દાસપ્રથાનો અંત આણવાનું શ્રેય લિંકનને જાય છે. તેમનો જન્મ એક ગરીબ અશ્વેત પરિવારમાં થયો હતો. તેઓ પ્રથમ રિપબ્લિકન હતા જે અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા હતા. રાષ્ટ્રપતિ બન્યા પહેલાં તેઓ એક વકીલ હતા. ઈલિઅન્સ સ્ટેટના લેજિસ્લેટર, અમેરિકાની હાઉસ ઓફ રિપ્રેસ્ન્ટેટિવ્સના સદસ્ય પણ હતા. તેઓ બે વખત સેનેટની ચૂંટણીમાં પરાજિત થયા હતા. તેમની વકીલાત દરમ્યાન ઘણા એવા કિસ્સાઓ હતા જેમાં લિંકનની ઈમાનદારી અને સજ્જનતાનાં દર્શન થાય છે. લિંકન અને તેમના એક સહયોગી વકીલે એક વખત કોઈ માનસિક રોગી મહિલાની જમીન પર કબજો કરનારા ધૂર્ત માણસને અદાલતમાંથી સજા અપાવી હતી. આ મામલો અદાલતમાં ફકત પંદર મિનિટ સુધી જ ચાલ્યો હતો. સહયોગી વકીલે મુકદમો જીત્યા બાદ ફીમાં ભાગલા પાડવાની વાત કરી પરંતુ લિંકને તેને ઠપકો આપ્યો હતો. સહયોગી વકીલે કહયું કે મહિલાના ભાઈએ તેની પૂરી ફી ચૂકવી આપી છે અને બધા જ અદાલતના નિર્ણય પછી પ્રસન્ન હતા પરંતુ લિંકને કહયું "પરંતુ હું ખુશ નથી. તે પૈસા એક બિચારી રોગી મહિલાના છે અને આ પૈસા લેવાની જગ્યાએ હું ભૂખે મરવું વધારે પસંદ કરીશ. તમે મારી ફી તેને પરત કરી દો." લિંકન પોતાના એવા અરજદારો તેમના જેવા ગરીબ હતા તેમની ફી તેઓ લેતા ન હતા. લિંકન પાતાના સમયના સૌથી ઉત્તમ મનુષ્ય હતા. લિંકને પોતાની પુત્રની શાળાના આચાર્યને લખેલા સુવિખ્યાત પત્રમાં તેઓએ એવી તમામ વાતો લખી હતી જે તેઓ તેમના પુત્રને શીખવવા માગતા હતા. લિંકન કોઈ પણ ધર્મ વિષે ચર્ચા કરતા નહીં અને કોઈ ચર્ચ સંબંધિત હતા નહીં. એક વખત તેમના મિત્રે તેમને તેમના ધાર્મિક વિચાર સંબંધમાં પૂછયું. લિકંને કહયું, "સૌથી પહેલાં હું ઈંડિયાનામાં એક વૃધ્ધ આદમીને મળ્યો હતો તે કહેતો હતો કે," જયારે હું સરસ કાર્ય કરું છું તો સરસ અનુભવ કરું છું. અને જયારે ખરાબ કાર્ય કરું છું તો ખરાબ અનુભવ કરું છું, આ જ મારો ધર્મ છે."

આ ગ્રંથ કુલ છાસઠ પ્રકરણોમાં વિભાજીત છે. એબ્રહામ લિંકન વિષે આપણા પૂર્વ વડાપ્રધાનશ્રી મોરારજી દેસાઈ આ ગ્રંથની પ્રસ્તાવનામાં દર્શાવે છે કે, "એબ્રહામ લિંકન યુનાઈટેડ સ્ટેટસના પ્રમુખોમાં મારા મત પ્રમાણે સહુથી મહાન હતા કારણ કે તેઓ સત્યને વરેલા એક મહામાનવ હતા. એમનું આખું જીવન માનવસેવાથી ભરપૂર હતું એટલું જ નહીં પણ એમની સત્યનિષ્ઠા, માનવતા અને સર્વોપરી રાષ્ટ્રભકિતને પરિણામે એમણે યુનાઈટેડ સ્ટેટસની એકતા તૂટતાં અટકાવી અને એની એકતા અને અખંડતા કાયમ કરી. હું માનું છું કે મહાત્મા ગાંધી આપણા દેશને ન મળ્યા હોત તો સ્વરાજ મળ્યું ન હોત અને લિંકન યુનાઈટેડ સ્ટેટસને ન મળ્યા હોત તો એ દેશના ભાગલા થઈ ગયા હોત."

આ ગ્રંથના લેખક દર્શાવે છે કે, "એક સત્યકામ, સત્યસંકલ્પ સત્પુરુષની, એક ધર્માવતારની, આધુનિક સમયના એક પૂણ્યશ્લોકની આ જીવનકથા, પ્રજા સમક્ષ સાદર કરતાં, અકળ પ્રકારના ક્ષોભ, સંકોચ તેમ જ વિમાસણની મિશ્ર લાગણી અનુભવું છું. કયાં તેની સર્વતોમુખી, સર્વતોભદ્ર, અલૌકિક મહત્તા અને કયાં મારી અલ્પ મતિ ! તરવા ચાહયો છે સાગર ને મારી પાસે નાનકડું હોડકું તો શું, મામૂલી તરાપોય નથી ! છતાં હામ ભીડી છે, યથામતિ નહિ, યથાશકિત નહિ, કેવળ યથાભકિત, આ દુર્ગમ સાહસ ખેડવાને-ભકિતના તંબુડાને સહાર; ભકિત ડુંગરને પણ ઉથાપી શકે છે, એ શ્રધ્ધાથી પ્રેરાઈને." ગુજરાત વિદ્યાપીઠના અભ્યાસકાળ દરમ્યાન લેખકે એબ્રહામ લિંકનનું જીવનચરિત્ર અને વિદ્યાપીઠના પુસ્તકાલયમાં એબ્રહામ લિંકનના બધાં જ પુસ્તકોનું વાંચન કરેલ. અને એબ્રહામ લિંકન પ્રત્યેના આદર, અનુરાગ અને ભકિતભાવ વધતો ગયો અને આ પુસ્તકનું સર્જન થયું. ૬૧૧ પાનાના આ દળદાર ગ્રંથમાં લિંકનનું જીવન-કવન સંગૃહિત છે.

લેખક કહે છે કે, " આ કીર્તિકથામાં પુનરુકિત હશે પરંતુ અત્યુકિત હરગિજ નથી, અલ્પોકિત અવશ્ય છે. મહાપુરુષ તેના મહિમા કરતાં મહાન હોય છે. एतावान् अस्य महिमा, ततो ज्यायांश्च पुरुष : । આદર્શ જીવન, કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રપ્રેમ ઈચ્છતા સૌ કોઈએ આ ગ્રંથનું વાચન કરવું રહયું. આ ગ્રંથમાં વાચકને એબ્રાહમની અજોડ રાષ્ટ્રભકિતનાં દર્શન થાય છે. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવશ્રી**

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com